

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*સત્તા મળતાં જ પ્રધાનોનો મદ મલકાય છે!*
*વાણી-વિલાસ ખાબોચિયાંમાં દંભ છલકાય છે!*
*ઉડીને આંખે વળગે, હલકા સંસ્કારની ભાષા -*
*આવા નેતૃત્વથી પક્ષની ગરિમા ઝંખવાય છે...*
*(આખરે 'જવાહિર' ઝળક્યું!!)*

### હાઈકુ

*પીધી પવાલી !*
*અને બન્યા બેફામ -*
*આલી-મવાલી...*

*મળી જાય છે,*
*લાયકાત વગર -*
*સત્તા ને પદ...*

*(સત્તાનું સટ્ટા બજાર)*

### ચિંતન

**વાચો યસ્માન્નિવર્તન્તે તદ્વક્તું કેન શક્યતે ।**
**પ્રપંચો યદિ વક્તવ્યઃ સોઽપિ શબ્દવિવર્જિતઃ ॥**

ઉપરોક્ત શ્લોક 'વિવેકચૂડામણિ ગ્રંથ'માંથી લેવામાં આવેલ છે. વાણીઓ જેનાથી (બ્રહ્મથી) પાછી ફરે છે, જેનું નિરૂપણ કરી શકતી નથી, તેને શાનાથી કહેવું શક્ય છે? સંસાર જો કહેવા યોગ્ય હોય તો તે પણ શબ્દનો વિષય નથી.

'બ્રહ્મ' જાતે પરમાત્મા જ છે. પરમ તત્ત્વને પામી ઓળખી શકાતું નથી. મહિમ્ન સ્તોત્ર પુષ્પદંત નામના કુબેરે લખ્યું છે. તેમાં સ્પષ્ટ જણાવ્યું છે કે 'શિવ' પરમબ્રહ્મ - શક્તિને આપવા બ્રહ્મા અને વિષ્ણુએ પ્રયત્ન કર્યો છતાં તેનો આદિ કે અંત મળ્યો નથી તે વાણીથી વર્ણવી શકાતો નથી.

### સુવિચાર

- બેવજહ અચ્છે બનો, વજહ સે તો બહુત બને ફિરતે હૈં - **ગીરીશ ત્રિપાઠી**
- હવે ખૂણાઓ મુજબ ઊભા રહેતા શીખો, દુનિયાના તમામ લોકો પોતાના એંગલથી જ જુએ છે - **એસ. ભટ્ટાચાર્ય**
- ભરોસો અને પ્રેમ આ બંને એવાં પારેવાં છે કે, બંનેમાંથી એક ઉડી જાય તો બીજું આપોઆપ ઉડી જાય છે - **અમૃતબિંદુ**
- આપણું જ્ઞાન અસંખ્ય, અપરિમેય માનવ - ચિત્તના સંચિત વિચાર અને અનુભવનો સરવાળો છે - **અવિનાશ સંઘવી**
- જિંદગી એટલે, ફાટેલા ખિસ્સે ઠસોઠસ ભરેલી પ્રવાહી અપેક્ષાઓ - **બહેરામજી દસ્તૂર**
- સંપત્તિ હોય તો 'વ્હીલ' આવે અને સંસ્કાર હોય તો 'ગુડ વીલ' આવે - **દીપક ચોપડા**
- આજનું ઔષધ : છ લીંબુના રસમાં સિંદુર મેળવી પેસ્ટ એક્ઝિમા પર લગાડવાથી એક્ઝિમા ૩૦ દિવસમાં મટી જાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

ધનવાન શેઠને બે દીકરા હતા. તે બંને દિવસે દિવસે નાસ્તિક બનતા જતા હતા. તેઓ વારંવાર એવું બોલતા કે ઈશ્વર હોય એવું માન્યામાં આવતું નથી. જો ઈશ્વર હોય તો પણ તે પક્ષપાતી છે. કોઈને સુખ તો કોઈને દુઃખ આપે છે. આવો અન્યાય રાખનાર ઈશ્વર કેવી રીતે શ્રદ્ધા બેસે ? ધનવાને બેય દીકરાને પાઠ ભણાવવાનું નક્કી કર્યું. તેમણે બંને દીકરાને સાથે લીધા અને જુદી જુદી જાતના બીજ રોપવા ખેતરમાં લઈ ગયા અને ખેતરમાં ચારે તરફ જુદા જુદા બીજ વાવવા આપ્યા. વાવેલા બીજમાંથી સમય અનુસાર મીઠી શેરડી, કડવો લીમડો, ગુલાબ પર ફૂલ, બાવળ પર કાંટા ઉગ્યા. આમ બધામાં ભિન્નતા હતી. બાપ દીકરાને લઈ ખેતરમાં પહોંચ્યા. અને કહ્યું આપણે એક જ દિવસે એક જ ભૂમિમાં છોડવા રોપ્ય હતા. છતાં તેમાં ભિન્નતા શાથી હશે? દીકરાઓએ જવાબ આપતા કહ્યું કે એમાં નથી જમીનનો દોષ કે નથી વાવનારનો. બીજની ભિન્નતાને કારણે છોડવાઓના રૂપ, રસ, ગંધમાં તફાવત પડ્યો છે. ત્યારે ધનવાન બાપે કહ્યું, 'ભગવાન અન્યાયી નતી કે પક્ષપાતી પણ નથી. મનુષ્ય પોતાનાં કર્મના બીજ વાવે છે અને એ પ્રમાણે એનો બદલો એને મળે છે.' ભિન્ન પરિસ્થિતિઓનું કારણ ભગવાન નહિ પણ વ્યક્તિને પોતાનો પુરુષાર્થ અને સ્તર જ હોય છે. બેય દીકરાઓની ભગવાન પ્રત્યેની આસ્થા સ્થિર થઈ.

# 'સ્વામી' હોય તે 'ચોકીદાર' ઓછા બને...

**તંત્રીસ્થાનેથી...**

દેશ આખામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ચોકીદાર બ્રાન્ડ ધૂન ચાલી ગઈ પરંતુ એક સમયના એમના પરમ શુભચિંતક અને ૨૦૧૪ની લોકસભાની ચૂંટણી વખતે મોદીને પાર્ટીના વડાપ્રધાનપદ માટેના સૌથી યોગ્ય ઉમેદવાર તરીકે પ્રસ્થાપિત કરવામાં અગ્ર ભાગ ભજવનારા ડૉ. સુબ્રમણ્યમ્ સ્વામી સમય જતાં એમની મૂળ પ્રકૃતિ મુજબ તડ અને ફડ પર આવી ગયા છે. પાર્ટીના સુષમા સ્વરાજ અને જેટલી સહિતના સિનિયર આગેવાનોએ વડાપ્રધાનના મગજમાં ઊગેલા તુક્કાને અનુસરી ફટાફટ 'મૈં ભી ચૌકીદાર' વાળું ટ્વિટર સરનામું સ્વીકારી લીધું. ભારતીય જનતા પાર્ટી માટે 'અચ્છે દિન' વાળા વિસરાઈ ગયેલા સૂત્રનું સ્થાન ૨૦૧૯ની ચૂંટણી વખતે બદલાઈને 'મૈં ભી ચૌકીદાર' બની ગયું છે. ભારત માતા કીજય અને વંદે માતરમ્ ચવાઈ ગયેલા નારા બની જતાં પાર્ટીએ વધુ એક ફ્રેશ નારો ખપતો હતો. માસ હિસ્ટીરિયાના માસ્ટર આર્ટિસ્ટ કે સાઈકોલોજિસ્ટ મોદીએ 'હર હર મોદી - ઘર ઘર મોદી' જેવા જ 'મૈં' સૂચક નારો બુલંદ કર્યો અને પળનો પણ વિલંબ કર્યા વિના કરોડો કાર્તકર્તાઓ એનો પ્રતિસાદ પાઠવી ઉમળકાભેર 'ચોકીદાર' બની ગયા ! વડાપ્રધાને પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરુનું અનુકરણ કરી પોતાને 'પ્રધાનમંત્રી' નહીં પણ 'પ્રધાન સેવક' તરીકે ઓળખાવવાનું શરૂ કર્યું હતું. જો કે પ્રજાની સ્મરણ શક્તિ ઘણી નબળી છે અને ઈતિહાસમાં ઊંડા ઊતરવાનો નથી એની પાસે સમય કે નથી એવો રસ. એટલે નરેન્દ્ર મોદીનાં અનુકરણ વિધાનો પણ એને તો મૌલિક જ લાગવાનાં. અલબત્ત, આ ચોકીદારવાળા વિધાન પાછળ પણ મહાત્મા ગાંધી છુપાયેલા છે. એમણે નેતાઓને પ્રજાના રખેવાળ અને પોતાની સંપત્તિના ટ્રસ્ટી બની રહેવાનો અનુરોધ કરેલો એ યાદ કરી જુઓ. મોદીની ચોકીદાર સ્ટાઈલ ભારતીય જનતા પાર્ટી જેવી સુખિયાં લોકની પાર્ટી માટે નીચલા થરના મતદાર સમૂહોને આકર્ષવામાં કારગત નીવડે એવી છે. આમ પણ દેશના મધ્યમ વર્ગ અને ગરીબ વર્ગની હાલત મોદીશાસનમાં પાંચ વર્ષો દરમિયાન બદથી બદતર થતી ગઈ છે. નોટબંધી એન જીએસટીનો મૂઢ માર ખાઈને દિઙ્મૂઢ બની ગયેલી દેશનું પ્રજાનું મૂળ પાયાના મુદ્દાઓ પરથી ધ્યાન ડાયવર્ટ કરવા માટે એક તરફ એર સ્ટ્રાઈક અને બીજી તરફ 'ચોકીદાર' જાગી રહ્યો હોવાનો સધિયારો અગત્યનાં વાનાં લાગે. મોદીનો પાર્ટી પ્રભાવ અકબંધ છે અને પ્રતીતિ પણ ભાજપના તમામ નાના મોટા કાર્યકરો એકીસાથે ચોકીદાર શ્રેણીમાં ભરતી થઈ જતાં આવી શકે છે. સ્વામી જેવા સ્વમાની અને આખાબોલા બૌદ્ધિક માટે આવાં ગતકડાં પચાવવાં અઘરાં જ હોય. એમનાથી જેટલીની નાણાનીતિ મુદે ચૂપ નહોતું રહેવાયું અને એમની હકાલપટ્ટી કરવા માટે મોદીને પત્ર લખી પાડ્યો હતો. એ જ રીતે હવે જયારે મોદીથી લઈ શાહ-જેટલી-સુષ્મા અને દેશભરના નાનામોટા ભાજપિયા 'ચોકીદાર' નો વેશ ભજવવા તૈયાર થઈ ગયા છે ત્યારે એક નરબંકડો જાહેરમાં પેટછૂટી પીડા વ્યક્ત કરી શકે છે તે કોઈ નાનુંસૂનું આશ્વાસન નથી. સ્વમી સાચું બોલી શકે છે, એ કબૂલ કરે છે કે હું જાતે બ્રાહ્મણ છું, હું મારા ચોકીદારને હુકમ કરી શકું છું. હું પણ ચોકીદાર છું - એવો દંભ કરવાનું મને નહીં ફાવે. હકીકત એ છે કે હું નેતા છું તે પણ પાછો ઉચ્ચ વર્ણનો. સિંહ ભૂખે મરી જવાનું પસંદ કરશે પણ ઘાસ નહીં કાઈ શકે. ભાજપ તો આરએસએસની રાજકીય પાંખ છે. સામંતવાદી માનસિકતા ધરાવતા ભાજપના નેતાઓ ગરીબોને ઉલ્લુ બનાવી એમના વોટ પડાવવા 'ચોકીદાર' બની જાય - એવાં નાટકચેટક બીજાંને મુબારક. સ્વામી તો રહેશે, એ ચોકીદાર હરગિજ નહીં બની શકે. ભાજપની મોદી બ્રાન્ડ નેતાગીરી સામે વિવિધ સ્તરેથી આવા એકલદોકલ વિદ્રોરી સૂર ઊઠતા રહે છે, પરંતુ પરંતુ આખરે હાથીચાલથી ટેવાયેલા મોદી તો એમની આગવી ગતમાં જ ચાલતા રહેશે. ચોકીદાર ભસતા કૂતરાંથી થોડો ડરે ?

# પ્રગટાવીએ સંવાદિતાનાં અજવાળાં



## અજવાળું - અજવાળું

તુષાર જોશી

'અરે તને ખબર છે, તું કયાં જાય છે ? કોને સમજાવવા જાય છે?'

'અરે આમની જોડે કયાં મગજમારી કરવાની તું ? એક જ દિવસ છે ને, જવા દેને બહેન...' આવા વાક્યો અડોસી પડોશીઓએ કાશ્મીરાને કહ્યા, હમણા ફેસબુક ફ્રેન્ડઝનું એક અવલોકન વાંચ્યું.

વાત જાણે એમ હતી કે કાશ્મીરાની દીકરી બોર્ડની પરીક્ષા આપી રહી હતી. સ્વાભાવિક છે કે બધાની જેમ એને પણ ચિંતા હોય કે પોતાની દીકરી શાંતિથી - સ્વસ્થતાથી જાણે અને એકાગ્ર થઈને વાંચે. આખુંયે વર્ષ બધાની જેમ એમણે પમ પોતાના ઘરમાં બાળકને આ માટે યોગ્ય વાતાવરણ આપ્યું હતું. હવે અભિમન્યુના કોઠા ભેદવા જેવી અઘરામાં અઘરી પરીક્ષાઓ ચાલી રહી હતી. અડધા પેપર પુરા થયા હતા અને અડધા પેપર બાકી હતા. દીકરી પોતાની રીતે ખૂબ મહેનતું - હોંશિયાર એટલે. એ પણ વાંચવામાં ધ્યાન આપતી હતી.

આજે આસપાસમાં કોઈ પ્રસંગ નિમિત્તે બહુ બધા લોકો ભેગા થયા હતા અને હદથી પણ વધારે ઊંચા અવાજે લાઉડ સ્પીકર સતત એકાદ કલાક સુધી આખા એરિયાને ઘોંઘાટથી ઘમરોળતું રહ્યું. આમનું ઘર તો થોડું દૂર હતું છતાં બહુ મોટો અવાજ આવતો હતો, તો નજીક રહેતા લોકોની હાલત શું થતી હશે ?

થોડો સમય તો ધીરજ રાખી. સહન કર્યું... પછીથી તપાસ કરી તો ખ્યાલ આવ્યો કે ખુલ્લા પ્લોટમાં લગ્નનો પ્રસંગ હતો ને એ નિમિત્તે માઈક પર અવાજ આવતો હતો. જેમનો પ્રસંગ હતો એ પરિવારને ત્યાં જઈને માઈક ધીમું કરવાની વિનંતી કરવાની હિંમત પણ કોઈ કરતું ન હતું. આખરે કાશ્મીરાએ જાતે નક્કી કર્યું કે ભલે થવું હોયતે થાય, હું તો સાચી વાત અને સાચી લાગણી વિનંતી રૂપે રજૂ કરવા જઈશ જ, કારણ કે એક નહિ અનેક બાળકોના શૈક્ષણિક ભવિષ્યનો સવાલ હતો.

હળવા પણ મક્કમ પગલે એ પહોંચી મંડપમાં એને લાગ્યું કે જરૂરતથી કદાચ ૧૦ ગણો વધુ અવાજ હતો. આટલા અવાજમાં બે જણાને વાતચીત કરવી પણ મુશ્કેલ હતી. તે સાઉન્ડ ઓપરેટર પાસે ગઈ અને અવાજ ધીમો કરવા કહ્યું અને પૂછ્યું કે યજમાન કોણ છે ? ત્યાં તો યજમાન જ હાજર થઈ ગયા અને કહ્યું, 'હું જ છું બોલો શું હતું ?' કાશ્મીરાએ કહ્યું કે, આજુબાજુમાં રહેતા બાળકોની બોર્ડની પરીક્ષા ચાલે છે અવાજ ધીમો રાખો તો સારું... તેઓએ તુરત જ સોરી કહીને અવાજ બિલકુલ બંધ કરાવી દીધો. એરિયામાં અચાનક સંપૂર્ણ શાંતિ થઈ ગઈ. પછી તો પડોશીઓએ કહ્યું પણ ખરું કે સારું કર્યું તમે કહવા ગયા નહી તો બાળકો કઈ રીતે વાંચી શકત ?

કાશ્મીરા વિચારે ચડી કે મેં વિનંતી કરી અને આટલી જલ્દી સરળતાથી સ્વીકારી લેવામાં આવશે એવી તો કોઈને કલ્પના પણ ન હતી. મતલબ કે સમાજમાં મોટા ભાગના લોકો સારા જ હોય છે. અમુક આવો વ્યવહાર કરશે જ તેવી ગાંઠ બાંધી લેવી યોગ્ય નથી.

રજૂઆત કરવાની વાત, સાચી હોય, વ્યવહાર વિવેકપૂર્ણ હોય તો સામા પક્ષે પણ લોકો સારો વ્યવહાર મોટા ભાગે કરતા હોય છે. 'મારે હમણાં આવું ચાર-પાંચ કિસ્સામાં બન્યું, આપણને જેનો બહુ પરિચય ન હોય તેવી વ્યક્તિ માટે પૂર્વગ્રહ લઈને જીવતા હોઈએ અને જયારે તે વ્યક્તિના પૂર્ણ પરિચયમાં આવવાનું બને પછી સારો અનુભવ થાય એટલે કોઈના વિશે અનુભવ વિના બહુ જલ્દીથી અભિપ્રાયો પણ ન આપવા.' આ પછી તો કાશ્મીરાના આ અનુભવ વર્ણન પછી ફેસબુક પર અનેક લોકોએ પોતાના અનુભવ ટાંક્યા કે સાચી વાત છે, યોગ્ય ભાષામાં, વિવેક સાથે રજૂઆત થાય તો એનો હકારાત્મક ઉત્તર મળે જ છે.

આમ આવા પ્રસંગો બને છે, મોટા ભાગે એમાંથી સંવાદિતા - હકારાત્મકતા પ્રગટ થાય છે. માણસો સારા હોય છે એ વિશ્વાસ પ્રગટ થાય છે, આપણી ધારણાઓ - પૂર્વગ્રહોથી મુક્ત થઈએ ત્યારે વાસ્તવિકતાના અજવાળા પથરાય છે.

# ૧૦૦ માર્કના પેપરમાં ૧૦૫ ભૂલ ! કોઈ કાવતરાની ગંધ આવે છે



## વિચારયાત્રા

ડો. જય ઓઝા

વાહ ! શું વાત છે. સંસ્કૃતના ૧૦૦ ગુણના પ્રશ્નપત્રમાં ૧૦૫ ભૂલો ! બોર્ડના પેપર સેટર મહાશયોને ખરેખર તો તેમની આ અક્ષમ્ય ભૂલો માટે તાત્કાલિક અસરથી ચંદ્રક આપી દેવા જોઈએ, પરંતુ હજી સુધી તો એવા કોઈ જ પગલા લેવાયા હોય તેવા સમાચાર સાંભળવા મળ્યાં નથી. તે ગનીમત છે.

ચંદ્રક મળે તેવા કામો તો તેમણે કર્યા જ છે. ઘરમાં નાનકડો પ્રસંગ હોય તેની પત્રિકા પણ આપણે ૫૦ વાર તપાસ કરીને અથવા કરાવીને કોઈ જાણકારને બતાવીને પછી જ છપાવીએ છીએ. તો શું આ પ્રશ્નપત્રો ટાઈપ થયા પછી વિષય નિષ્ણાંતો પાસે તપાસાયા નહીં હોય? કે પછી બોર્ડ પાસે જે સંસ્કૃત વિષયના નિષ્ણાંતો છે તેઓની ક્ષમતા જ નથી કે તેઓ હલન્તનું પણ જ્ઞાન ન ધરાવતા હોય ? આવા ખૂબ પેચીદા અને ભયજનક પ્રશ્નો મનમાં અત્યારે ઉદ્‌ભવી રહ્યા છે.

કોને પડી છે ? સંસ્કૃત ભાષા, દેવભાષા, આપણી જ નહીં સમગ્ર દુનિયાની અતિપ્રાચીન ભાષા, અને તેની મહત્તા તો આપણે સહું સુપેરે જાણીએ છીએ... પણ કોને પડી છે ? વર મરો કન્યા મરો પણ ગોરનું તરભાણું ભરો...

ગત પાંચ વર્ષમાં ૧૦માં ધોરણમાં ગુજરાતી અને સંસ્કૃત વિષયમાં નાપાસ થનારા વિદ્યાર્થીઓનો ડેટા જોઈને ચિંતાની લાગણી જન્મે છે... જો ગુજરાતમાં ગુજરાતી - આપણી માતૃભાષાના અભ્યાસક્રમ અને પરીક્ષા સમિતિમાં અઢળક ડખાઓ ચાલતા હોય તો... સંસ્કૃત ભાષા પ્રત્યે તો ઓરમાયું વર્તન જ હોય ને ! એમાં શી નવી વાત છે !

આ તો વળી દાહોદના એક સંસ્કૃત શિક્ષકના ધમપછાડાથી શરુઆત થઈ અને સંસ્કૃતના પ્રશ્નપત્રમાં આટઆટલી ભૂલો છે, તે સમગ્ર રાજયની પ્રજાના ધ્યાનમાં આવ્યું, બાકી અહીં કોને પડી છે ? ગણિત, વિજ્ઞાન, સમાજશાસ્ત્ર, અંગ્રેજી જેવા વિષયમાં જો કંઈ આવો એક કે બે માર્કનો પણ છબરડો થયો હોત, તો જુઓ કેવો હોબાળો મચ્યો હોત... અગણિત કલાસીસવાળા, ટ્યુશન કરનારા શિક્ષકો, વાલીગણ અને વિદ્યાર્થીઓએ એકી અવાજે આવી નાની સરખી ભૂલ માટે પણ કાગારોળ કરી મૂકી હોત... અને બોર્ડ - શિક્ષણ વિભાગ તરફથી પણ તરત જ પગલાં લેવામાં આવત.

પરંતુ આ તો સંસ્કૃત જેવી હાસિયાંમાં ધકેલી દીધેલી ભાષાના પ્રશ્નપક્ષત્રમાં ભૂલ હતી. કોણ આ ભૂલોની બારીકીઓમાં જવા ઈચ્છશે ? એક સુવ્યવસ્થિત કાવતરાની ગંધ આવે છે. સંસ્કૃત જેવી પવિત્ર ભાષાને ખતમ કરી દેવાનો કારસો તો નથી રચાઈ રહ્યો ને ! જે વિષય ટકાવારી વધારવા માટે વધુ ગુણાંક મેળવવા માટે પ્રખ્યાત હતો, તેને વિદ્યાર્થીઓ માટે ગૂંચવણભર્યો પેચીદો બનાવી દેવાની સાજીશ શા માટે રચાઈ રહી છે ? છેલ્લા દસ-બાર વર્ષના વાણિજ્ય - વિનયનનાં પરિણામ અને વિજ્ઞાન પ્રવાહના પરિણામો બિલકુલ પલટાઈ કેમ ગયા છે ? શું કારણ છે કે વિજ્ઞાન પ્રવાહનું પરિણામ એક દશકા પહેલા ૪૦, ૪૫ કે ૫૫ ટકા જેટલું જ રહેતું હતું, તે છેલ્લા ઘણા સમયથી ૬૫ થી ૭૫ ટકાને પાર જઈ રહ્યું છે. તો સામા પક્ષે જે વાણિજ્ય અને વિનયનનું પરિણામ ઊંચું આવતું હતું તે અત્યારે સદંતર ઘટી રહ્યું છે. શું સેલ્ફ ફાઈનાન્સ એન્જિનીયરીંગ - ફાર્મસી - ડેન્ટલ - કૉલેજોના એડમીશન વધતા રહે તે માટે આવો કારસો તો નથી રચવામાં આવી રહ્યો ને ?

ત્રણ-ચાર મહિના પહેલા શિક્ષકોના ટ્રેનિંગ કાર્યક્રમમાં જવાનું થયું હતું. ત્યાં સંસ્કૃતના પદ્ય તેના છંદ વગેરે ભણાવવા માટે કેવા કેવા નવા પ્રયોગ કરી શકાય, કે જેનાથી છાત્ર સરળતાથી આ અટપટ લાગતું પરંતુ વાસ્તવમાં રોચક તેવું અલંકાર અને છંદનું જ્ઞાન રમત રમતમાં પ્રાપ્ત કરી શકે તેની વિસ્તૃત ચર્ચા શિક્ષકો સમક્ષ રજૂ કરી, ત્યારે અંતમાં શિક્ષકોએ જણાવ્યું કે અહીં બેઠાં છે, તેમાંથી માત્ર એક કે બે જ શિક્ષક એવા છે, જેઓ સંસ્કૃત વિષય સાથે અનુસ્નાતક છે, અને સંસ્કૃત વિષય ૧૧ અને ૧૨ ધોરણમાં ભણાવે છે, બાકીના બીજા બધા તો ખરેખર બીજા અલગ અલગ વિષય કે ભાષાના નિષ્ણાત છે, પરંતુ સાથે સાથે સંસ્કૃત ભણાવી દેવાની ફરજ પાડવામાં આવે છે.

આ તો ચાઈનીઝ રસોઈયાને કંસાર બનાવવાનું કહેવા જેવી વાત થઈ. દ્વિતીય ભાષા ગુજરાતી ધોરણ-૧૦ના બહુવૈકલ્પિક પ્રશ્નોમાં પણ બોર્ડની બ્લૂપ્રિન્ટ અનુસાર નહીં પરંતુ પ્રશ્નપત્રની રચના કરનારા તુઘલખીઓની ઈચ્છા અનુસાર જ પેપર નીકળાવામાં આવ્યા અને ભોગવવાનું વિદ્યાર્થીઓને આવ્યું. જે પ્રશ્નપત્ર નિર્માણ કરે છે તે સમિતિ અભ્યાસક્રમ સમિતિ સાથે ચર્ચા પણ નહીં કરતી હોય !

પાઠ્યપુસ્તકમાં સમીક્ષક - લેખક - પરામર્શક તરીકેની સેવા આપનારા મહાનુભઆવોના પાઠ કે તેમની કૃતિઓ ખરેખર તો પુસ્તકનો ભાગ ન જ હોવી જોઈએ, પરંતુ કમનસીબે તેવું બન્યું નથી. દલા તરવાડી જેવો ઘાટ છે. માંગનાર અને પીરસનાર એક જ હોય તેવો ઘાટ છે.

ગુજરાતમાં ગુજરાતી ભાષા - શિક્ષકોની તાલીમ તેમની સજ્જતામાં ઘણી અછત વર્તાય છે. પાઠ્યપુસ્તકોમાં - બોર્ડના પેપર સેટ કરનારાઓમાં - અને વર્ગમાં ભણાવનાર શિક્ષકોની વચ્ચે સમન્વયનો સદંતર અભાવ દૃષ્ટિગોચર થાય છે.

પરંતુ અહીં સંસ્કૃતની એક વિષય તરીકે નહીં પરંતુ ભાષા તરીકે ચિંતા કોરી ખાય છે. શાળામાં ભણાવનારા શિક્ષકો પોતે જ પાઠ્યપુસ્તકો તૈયાર કરનારા અને પછી બોર્ડના પ્રશ્નપત્ર સેટ કરનારા મહાનુભાવોના ઈરાદાથી અજાણ હોય છે.

ખૂબ લાંબી અને વિશાળ લડાઈની તાતી આવશ્યકતા ઊભી થઈ છે. શું માત્ર બેરોજગારી, લાંચરુશ્વત, ગરીબી અને જાતીગત મુદ્દા પર જ ચૂંટણીમાં જે - તે પક્ષને મત આપવાનો વિચાર કરી શકાય ? ચાલો આ વખતે જે પક્ષ ભાષા સંવર્ધન, સંસ્કૃત ઉત્થાન અને ગુજરાતીની અસ્મિતાને વિકસિત કરવાની નેમ લેશે તેને મત આપીએ...

ભાષાની સમૃદ્ધતા હશે, સંસ્કૃતની ગરિમા હશે, ગુજરાતીની અસ્મિતા હશે, તો સમાજનો સાંસ્કૃતિક વારસો આપોઆપ ઊંચો ઊઠશે... અને સાંસ્કૃતિક ઉત્થાન થાય એટલે રાષ્ટ્ર પણ સ્વયં પરમ વૈભવને પ્રાપ્ત કરી શકશે...

જરૂર છે, આપણા જાગરણની, દાહોદના એક શિક્ષક - ભાષાની ચિંતા કરતી એકાદી સંસ્થાના સળવળાટ માત્રથી જો આ ગંભીર પ્રશ્ન આપણા સુધી પહોંચી શકતો હોય તો.... જયારે સમગ્ર જનમાનસ સ્વયંભૂ ભાષાની અંદર થતા આવા અક્ષમ્ય અપરાધ સામે અવાજ ઉઠાવશે તો બહેરા કાનો પર નગારાની ધાક જરૂર પડશે. એક સાથે એકી અવાજે બૂમ મારવી પડશે...

- jayuoza@gmail.com,
Mo. 9898046488

# કોઈએ તમારા ઉપર રાખેલા ભરોસામાં ગજબની શક્તિ હોય છે



ભરોસો દુનિયાની સૌથી મુલ્યવાન દોલત છે. એમાં પણ જ્યારે કોઈએ તમારામાં ભરોસો મુક્યો હોય ત્યારે એ ભરોસો ગજબની તાકાત બની જતો હોય છે. વિશ્વાસને વહેંચવો નથી પડતો. વિશ્વાસ, વાયદો, સંબંધ અને ભરોસો આ ચાર શબ્દો સૌથી બળવાન છે. આ ચારેય શબ્દો ચાર ભુજાઓ બનીને પડખે હોય ત્યારે શક્તિનો અખુટ ખજાનો બની જતા હોય છે. એ તુટે ત્યારે અવાજ નથી આવતો પણ દુઃખનું વાવાઝોડું પેદા થઈ જતું હોય છે. ભરોસો ત્રણ અક્ષરનો શબ્દ વાંચતા માત્ર એક સેકંડ લાગે. વિચારીએ તો કદાચ મિનિટો લાગે. ઉદાહરણો જોડીને સમજવાની કોશીષ કરીએ તો એકાદ દિવસ પણ થાય. પરંતુ જો ભરોસો સાબિત કરવાનો થાય તો જીવન પણ ટૂંકું પડે.

એક કાલ્પનિક કથા છે. એક રાજા તેના લાવ-લશ્કર સાથે જંગલમાંથી પસાર થતો હતો. એમાં એનો એક ઘરડો હાથી પણ હતો. જંગલમાંથી પસાર થતા હતા ત્યારે આ ઘરડા હાથીનો પગ કીચડમાં લપસતા એક ખાડામાં પડી ગયો. સૈનિકોએ ખૂબ મહેનત કરી પણ આ વિશાળકાય હાથીને બહાર કાઢી ન શક્યા. રાજા પણ વિમાસણમાં મુકાઈ ગયો. એણે પ્રશ્નાર્થ સાથે મંત્રી સામે જોયું. મંત્રીએ કહ્યું, 'મહારાજ શંખ, ઢોલ, ત્રાંસા, નગારા બ્યુગલ મંગાવો અને મળસ્કે એને જોરદાર રીતે વગડાવો. રાજાને સમજ ન પડી મંત્રી આવી સલાહ કેમ આપી રહ્યા છે. પણ અનુભવી મંત્રીની વાત માનીને રાજાએ મંત્રીએ જણાવેલી સામગ્રી મંગાવી.

મળસ્કે શંખનાદ, બ્યુગલ, ઢોલ-ત્રાસા વાગાડવાના શરૂ કર્યા. યુદ્ધ જેવો માહોલ બની ગયો. ખાડામાં ફસાયેલો હાથી મહેનત મશક્કત કરી આપ મેળે બહાર આવી સૂંઢ ઊંચી કરીને ચિત્કાર કરવા લાગ્યો. રાજાએ વિસ્મય સાથે મંત્રીને પૂછ્યું, 'આ ચમત્કાર કેવી રીતે થયો ?' મંત્રીએ વિનમ્રતાથી રાજાને કહ્યું, 'મહારાજ આ હાથીએ તમને અનેક યુદ્ધોમાં સાથ આપ્યો છે. એ ઘરડો ભલે થયો છે પણ બ્યુગલ અને શંખધ્વની સાંભળીને એને થયું કે મારો માલિક યુધ્ધની મુશ્કેલીમાં છે. મારા માલિકને યુધ્ધ લડવાનો મારા ઉપર ભરસો છે. માલિકની પડખે ઊભા રહેવા અને માલિકના ભરોસાને બરકરાર રાખવા એ મહેનત મશક્કત કરીને બહાર આવી ગયો અને આપની પડખે ઊભો રહી ગયો છે.'

આ નાનકડી વાત આમ તો છે કાલ્પનિક પણ ભરોસાની તાકાતને સુપેરે સ્પષ્ટ કરે છે. પોતાની જાત ઉપરનો વિશ્વાસ આગળ વધવાનો મહત્વનો પાયો જરૂર છે, પણ બીજાનો તમારા ઉપરનો વિશ્વાસ લક્ષ્ય સુધી પહોંચવા દોડવા માટેનું બળ બની જતો હોય છે. વિશ્વાસમાં દેખાડાનું કોઈ સ્થાન નથી.

એક માણસે જાહેરાત કરી કે એ આંખે પાટા બાંધી નાયગ્રા ફોલ ઉપર દોરડું બાંધીને એની ઉપર ચાલશે. આ જોવા અડધું શહેર નાયગ્રા ફોલ પાસે ઉમટી પડ્યું. એણે જ્યારે સફળતાથી દોરી ઉપર ચાલી નાયગ્રા ફોલ પસાર કર્યો ત્યારે બધાએ એને ખૂબ અભિનંદન આપી વધાવી લીધો. બીજા દિવસે એણે ફરી જાહેરાત કરી કે એ આંખે પાટા બાંધી ખભે એક જણને બેસાડી નાયગ્રા ફોલ ઉપર દોરી બાંધી એની ઉપર ચાલશે. આખુ શહેર એ જોવા આવ્યું. એણે આંખે પટ્ટી બાંધી કહ્યું, 'અહીં આવેલામાંથી કોઈ આગળ આવીને મારા ખભે બેસી જાય એટલે હું આ દોરી ઉપર ચાલીને નાયગ્રા ફોલ પસાર કરું.' એક પણ વ્યક્તિ આગળ ન આવ્યો. બધા જોતા જ રહ્યા. આમાં મૂળ વાત ભરોસાની હતી. એ આંખે પાટા બાંધી એકલો ચાલતો હતો ત્યાં સુધી કોઈને વાંધો જ ન હતો. જ્યારે ખભે બેસવાની વાત આવી તો ભરોસાની દિવાલ ઠેકવાની હતી. એવી હિંમત આખા શહેરમાંથી કોઈની પાસે ન હતી. વિશ્વાસ અને ભરોસો રાખનારાને ક્યારેય નજર અંદાજ કરવાની ભૂલ ન કરવી જોઈએ. નહીંતર એક દિવસ પથ્થરો ફેંકવાની લ્હાયમાં ક્યાંક હીરો ખોઈ બેસવાનો વારો આવી જાય.



## આત્મનાદ

પુલક ત્રિવેદી
pulak63@gmail.com

શાળામાં ભણતા એક વિદ્યાર્થીને શિક્ષકે બોલાવી એક ચિઠ્ઠી આપી કહ્યું આ માત્ર તારી મમ્મીને જ આપજે. બાળકે એ ચિઠ્ઠી ઘરે જઈને મમ્મીને આપી. એણે મમ્મીને પૂછ્યું 'મા ટીચરે એમાં શું લખ્યું છે?' માતાએ જવાબ આપ્યો, 'લખ્યું છે કે, તમારો દીકરો ખૂબ હોંશિયાર અને હોનહાર છે. એને અમારી શાળામાં ભણાવી શકે એવા કોઈ શિક્ષકો જ નથી. એટલે હવેથી તમે જ એને ભણાવશો.' મા શિક્ષિકા રહી ચૂકી હતી. એણે પુત્રને જાતે ભણાવ્યો. એક્સટર્નલ પરીક્ષાઓ અપાવી. આગળ જતા આ વિદ્યાર્થી આઈએએસની પરીક્ષામાં પાસ થયો અને કલેક્ટર બની ગયો. થોડા વર્ષો બાદ માતા મૃત્યુ પામી.

માતાના મૃત્યુ પછી દીકરાએ મમ્મીનું કબાટ ખોલ્યું. એમાં કપડા સાથે વર્ષો પહેલા પ્રાથમિક શાળાની શિક્ષિકાએ લખેલી પેલી ચિઠ્ઠી જર્જરીત હાલતમાં નજરે પડી. એણે એ ચિઠ્ઠી ખોલીને વાંચી. ચિઠ્ઠીમાં લખ્યું હતું કે, 'તમારું બાળક ભણવામાં અત્યંત નબળું છે. તેને કોઈપણ વિષયમાં કશી ગતાગમ નથી પડતી. એ ખૂબ તોફાની પણ છે. એને આવતી કાલથી અમારી શાળામાં ન મોકલશો. એને તમે જાતે ભણાવી શકો તો ભણાવજો અથવા બીજી જે શાળા એને ભણાવી શકે એમાં પ્રવેશ આપાવી દેજો પરંતુ એને આવતી કાલથી અમારી શાળામાં ન મોકલશો.

નબળા બાળકને માના ભરોસાએ આઈએએસ બનાવી કલેકટરપદે બેસવાની તાકાત આપી. તમારામાં કોઈએ રાખેલા ભરોસામાં ગજબની શક્તિ હોય છે. ભરોસો રાખવાનું સૌથી કપરું કામ છે. કોઈની વાતને કે કામને જ્યારે સ્વીકાર કરી એને પોંખવામાં આવે એનામાં વિશ્વાસ રાખવામાં આવે તો એ વ્યક્તિની શક્તિ બેવડાઈ જતી હોય છે. વિટંબણા તો એ હોય છે કે, સામાન્ય રીતે લોકો પોતાના કામમાં એટલા રચ્યા પચ્યા હોય છે કે બીજાની કાર્યશક્તિને સભાન રીતે સતત અવગણે છે. પરિણામે એ અવગણના ભભુકીને બહાર આવે છે. એક સમયે સાથે રહી કામ કરનારા વચ્ચે માઈલોનું અંતર પેદા થઈ જાય છે. એકવાર ભરોસાના મૂળ મજબૂત રીતે જીવનની જમીનમાં રોપાઈ જાય પછી એ ભરોસો જ માણસને જીત અપાવે છે.

**ધબકાર :**

ખોટી મુંઝવણો સાથે દોડવા કરતાં કોઈએ તમારામાં મૂકેલા વિશ્વાસ સાથે મજબૂત ડગ માંડવા સારા.